Re-Accredited 'B++' 2.86 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Digital Helpline No.- 0261 2388888
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# -: પરિપત્ર :-

બી.આર.એસ.નો અભ્યાસક્રમ ચલાવતી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તથા ડિપાર્ટમેન્ટના વડાશ્રીને જણાવવાનું કે, BRS(SD) તથા બી.આર.એસ. કોલેજોમાં આંતરિક પરીક્ષાઓના મૂલ્યાંકનમાં ફેરફાર કરવા સંદર્ભે ચર્ચા કરતાં ગ્રામઅભ્યાસ વિદ્યાશાખા અને ગ્રામઅભ્યાસ વિષયની અભ્યાસ સમિતિની સંયુકત તા.૩૦/૦૪/૨૦૨૪ ની સભાના ઠરાવ ક્રમાંક:૦૪ અન્વયે નીચે મુજબ એકેડેમિક કાઉન્સિલને કરેલ ભલામણ એકેડેમિક કાઉન્સિલની તા.૧૫/૦૬/૨૦૨૪ ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૭૯ થી મંજૂર કરેલ છે. જેનો અમલ કરવા આથી જાણ કરવામાં આવે છે.

**ગ્રામઅભ્યાસ વિદ્યાશાખા અને ગ્રામઅભ્યાસ વિષયની અભ્યાસ સમિતિની સંયુકત તા.૩૦/૦૪/૨૦૨૪ ની સભાના ઠરાવ ક્રમાંક:૦૪**

:: આથી ઠરાવવામાં આવે છે કે, આંતરિક પરીક્ષાઓના મૂલ્યાંકનમાં જરૂરી ફેરફારમાં આંતરિક મૂલ્યાંકનમાં ૧૫ ગુણ પ્રત્યક્ષ કાર્યો, ૫ ગુણ વિદ્યાર્થીઓની હાજરી, ૧૦ ગુણ સ્વાધ્યાય (એસાઈમેન્ટ) અને પ્રેઝન્ટેશન તથા ૨૦ ગુણ ઈન્ટરનલ એકઝામ આંતરિક પરીક્ષાના રાખવાની બાબતને મંજૂર કરી એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

**એકેડેમિક કાઉન્સિલની તા.૧૫/૦૬/૨૦૨૪ ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૭૯**

:: આથી ઠરાવવામાં આવે છે કે, બી.આર.એસ. કોલેજોમાં આંતરિક પરીક્ષાઓના મૂલ્યાંકનમાં ફેરફાર કરવા સંદર્ભે ગ્રામઅભ્યાસ વિદ્યાશાખા અને ગ્રામઅભ્યાસ વિષયની અભ્યાસ સમિતિની સંયુકત તા.૩૦/૦૪/૨૦૨૪ ની સભાના ઠરાવ ક્રમાંક:૦૪ અન્વયે કરેલ ભલામણ સ્વીકારી મંજૂર કરવામાં આવે છે.

વધુમાં, BRS (SD) નાં તમામ ૪ ક્રેડીટનાં કોર્સમાં કુલ ૫૦ આંતરીક ગુણમાંથી એસાઈનમેન્ટ–૧૦ ગુણ, પ્રેઝેન્ટેશનનાં–૧૦ ગુણ, હાજરીનાં–૦૫ ગુણ અને આંતરીક મૂલ્યાંકન કસોટીના–૨૫ ગુણ રાખવા. જે કોર્સની ક્રેડીટ ૨ છે તેવા કોર્સમાં એસાઈનમેન્ટ–૦૫ ગુણ, પ્રેઝેન્ટેશનનાં–૦૫ ગુણ, હાજરીનાં–૦૫ ગુણ અને આંતરીક મૂલ્યાંકન કસોટીના–૧૦ ગુણ મળી કુલ ૨૫ ગુણનું મુલ્યાંકન રહેશે.

ક્રમાંક : એસ./પરિપત્ર/૧૨૮૦૪ /૨૦૨૪
તા.૨૦–૦૬–૨૦૨૪

કુલસચિવ

પ્રતિ,
૧) ગ્રામઅભ્યાસ વિદ્યાશાખા હેઠળની સંલગ્ન ગ્રામઅભ્યાસ વિષયની તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓને તથા વિભાગીય વડાશ્રીને.......... આપશ્રીની કોલેજના સંબંધિત શિક્ષકોને જાણ કરી અમલ કરવા સારૂ.
૨) અધ્યક્ષશ્રી, ગ્રામઅભ્યાસ વિદ્યાશાખા.
૩) પરીક્ષા નિયામકશ્રી, પરીક્ષા વિભાગ, વીર નર્મદ દ. ગુ. યુનિવર્સિટી, સુરત.

.....તરફ જાણ તેમજ અમલ સારૂ.